જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૭/૨૦૨૨    બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**    **સમાચાર યાદી નં.૧૧૯૮/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની
તા.૦૫/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭ | ૪,૭૩,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૧ લીટર દેશી દારૂ, ૫૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ કાર અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૩૪ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૭૦,૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૧૨૦૧/૨૦૨૨**

**સેટેલાઈટઃ** સત્યેન સુરેશ ઓચાનિ (રહે. આર્યાના શાલીન બંગલો પાસે શીલજ) એ તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૨ રાતના ૮/૦૦ થી ૧૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ ઇસ્કોન બ્રીજ પાસે આવેલ વાઇડ એંગલ સામે પાર્કીંગમાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી લેપટોપ, આઈફોન નંગ-૨, આઈપેડ મળી કુલ કિંમત રૂપિયા ૭૮,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.પ્રજાપતિ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** મહોમ્મદકલીમ મહોમ્મદનજીર શેખ (રહે. પોસ્ટલ સોસાયટી મરવેલ બેકરી પાસે જુહાપુરા) એ તા.૦૫/૦૭/૨૦૨૨ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૨ નારોજ સાયન્સ સીટી રોડ વેદાંત કદમ બંગ્લોઝની બહાર જીઓ કંપનીના ટાવરની પેટીનુ તાળુ તોડી ટાવરની અંદરથી સીડીયુ કિંમત રૂપિયા ૪,૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૨/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** કરણ સ/ઓ રજનીશભાઈ સોલંકી (ઉ.વ.૧૫) (રહે. ગોમતીપુર હેલ્થ સ્ટાફ ક્વાટર્સ સારંગપુર પુલના છેડે કામદાર મેદાન ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૭/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ ફૂલબજાર પાછળના ભાગે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ. શ્રી ખોડાભાઈ અરજણભાઇ ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ** કોમલબહેન ડો/ઓ પુનમભાઈ રાઠોડ (ઉ.વ.૨૨) (રહે. ખોડીયારગર વિભાગ-૩ નોબલનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૭/૨૦૨૨ સવારના ૮/૪૫ વાગ્યા પહેલા સાબરમતી ઈન્દિરાબ્રીજ ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** ગીતાબહેન હરીશકુમાર ચૌધરી (ઉ.વ.૬૫) (રહે.છબીલદાસની ચાલી ન્યુગ્રેન માર્કેટ અનુપમ સિનેમા પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૭/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પરીષ્કાર ફેજ-૨ જી બ્લોક ખાતે ચૌદમાં માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી ડી.આર.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી